**તા.૨૧.૧૦.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૂડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩ ફાઈલના **રૂા.૦.૫૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૧૫ લોકેશન (ખાડા) ૭૭૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૫૯.૪૬** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૯** લોકેશન (ખાડા) **૨૩૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન, **૧૧૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૨૧ (ભેસ્તાન), ફા.પ્લોટ નં.૫૨, ગૌતમનગર સ્લમ એરીયામાં ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ૧૦ ઝુંપડાઓ દુર કરવામાં આવેલ અને કામગીરી પ્રગતિ હેઠળ છે તથા સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૬ (મજુરા–ખટોદરા), ફા.પ્લોટ નં.૧૫૧, નવજીવન ઈન્ડ.સોસા., પ્લોટ નં. ૨૫,૨૬ ખાતે આશરે ૨૫૦ ચો.ફુટ સ્લેબ અને ૯૦૦ ચો.ફુટ ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૭૫,૦૦૦/–, ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૭૫,૦૦૦/– તથા સી.ડી. ચાર્જ પેટે રૂા.૧૦૦૦/– વસુલ લેવામાં આવેલ ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૧** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા: **૩૧૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૮૧.૧૫** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૭.૧૧** લાખ થયેલ છે., ૪ EC તથા ૬ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૧૩૯/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૩૦૦/–** વસુલ લેવામાં આવેલ છે., **૧૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૬** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા: **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા: **૧૩૦** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૪૫.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા: **૩૪** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૬,૦૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૭૨૨** ઘર સર્વે કરવામાં આવેલ., કુલ: **૨૮૧૩૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યા: **૧૩૭** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન: **૧૦૮૯** કરવામાં આવેલ છે. જ્યારે **૫૫** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૦,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.....**1334
**તા.૨૧–૧૦– ૨૦૧૬**

૧૩૩૫

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં ઝોન તેમજ વિવિધ ખાતાઓમાં ૦૩ વર્ષ કે તેથી વધુ સમયથી સંવેદનશીલ જગ્યાએ ફરજ બજાવતા ટેકનીકલ, વહીવટી તેમજ આરોગ્યને લગતી **કુલ–૧૭ કેડરોમાં ૧૪૯૦** કર્મચારીઓની વહીવટી સરળતા ખાતર બદલી કરવામાં આવેલ છે.

| અ.નં. | કેડરનું નામ | બદલી / પ્રમોશનની સંખ્યા |
|---|---|---|
| ૧ | ડે.ઈજનેર(સીવીલ) | ૦૪ |
| ૨ | આસી.ઈજનેર (સીવીલ) | ૯૨ |
| ૩ | જુની.ઈજનેર (સીવીલ) | ૫૪ |
| ૪ | સુપરવાઈઝર (સીવીલ) | ૭૩ |
| ૫ | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૧૮૩ |
| ૬ | ચીફ સેનેટરી ઈન્સ્પેકટર | ૦૫ |
| ૭ | સેનેટરી ઈન્સ્પેકટર | ૧૬ |
| ૮ | સેનેટરી સબ ઈન્સ્પેકટર | ૩૧ |
| ૯ | પ્રાઈમરી હેલ્થ વર્કર | ૭૪ |
| ૧૦ | કલાર્ક કમ કંપાઉન્ડીગ આસીસ્ટન્ટ | ૪૪ |
| ૧૧ | નર્સ (એ.એન.એમ.) | ૧૦૫ |
| ૧૨ | નર્સ (બી.પી.એન.એ.) | ૪૨ |
| ૧૩ | જુની. મેડીકલ ઓફિસર | ૨૪ |
| ૧૪ | સેકશન ઓફિસર | ૩૦ |
| ૧૫ | પ્રથમ શ્રેણી કલાર્ક | ૭૧ |
| ૧૬ | બીજી શ્રેણી કલાર્ક | ૩૪૫ |
| ૧૭ | ત્રીજી શ્રેણી કલાર્ક | ૨૯૭ |
| | **કુલ** | **૧૪૯૦** |

**સમાચાર યાદી નં.૧૩૩૫**
**તા.૨૧/૧૦/૨૦૧૬**
**જનસંપર્ક વિભાગ તરફથી**

૧૩૩૬

# :: પ્રેસનોટ ::

## "બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટ–૨૦૧૬"

સુરત શહેરના ચુંટાયેલા મહિલા પ્રતિનિધિશ્રીઓ, વહીવટી પાંખના મહિલા અધિકારીશ્રીઓ અને મહિલા પત્રકારશ્રીઓ વચ્ચે સામંજસ્ય, સહકારીતા અને સુમેળનો માહોલ સર્જાય તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૨/૧૦/૨૦૧૬ના રોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે "મહિલા બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટ–૨૦૧૬"નું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૨/૧૦/૨૦૧૬ના રોજ સવારે ૯.૦૦ કલાકે ઈન્ડોર સ્ટેડિયમ ખાતે સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહએ સૌને આવકારી ફકત બહેનોને પ્રોત્સાહીત કરવા માટે જ યોજાતા વિવિધ કાર્યક્રમોમાં વધુમાં વધુ બહેનોને પાર્ટીસીપન્ટ થવા આહ્વાન કર્યું હતું. ઉપસ્થિત ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાસકપક્ષના નેતાશ્રી ગીરીજાશંકર મિશ્રા, આસી.મ્યુ.કમિશનરશ્રી કમલેશ બી. નાયક અને અન્ય ઉપસ્થિત મહાનુભાવોએ કેરમ ટુર્નામેન્ટના ૧૨ મહિલા સભ્યશ્રીઓ, ૨ મહિલા મ્યુનિ. અધિકારીશ્રીઓ અને ૮ મહિલા પત્રકારશ્રી મળી કુલ ૧૨ તેમજ બેડમિન્ટન ટુર્નામેન્ટના ૫ મહિલા સભ્યશ્રીઓ, ૪ મહિલા મ્યુનિ.અધિકારીશ્રીઓ અને ૧૦ મહિલા પત્રકારશ્રી મળી કુલ ૧૯ મહિલા ખેલાડીઓના ચીઠી ઉપાડી લોટ્સ પાડયા બાદ દીપપ્રગટાવી ટુર્નામેન્ટનો શુભારંભ કરાવ્યો હતો. બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટમાં તમામ મહિલા મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મહિલા પત્રકાર ખેલાડીઓ અને મહિલા મ્યુનિસિપલ અધિકારીશ્રીઓએ ઉત્સાહભેર ટુર્નામેન્ટની રમતો રમ્યા બાદ નીચે મુજબના વિજેતા નીવડયા હતા.

| વિજેતા | બેડમિન્ટન ટુર્નામેન્ટ–૨૦૧૬ | કેરમ ટુર્નામેન્ટ–૨૦૧૬ |
|---|---|---|
| ચેમ્પીયન | શ્રી પુજા મનોહર પાટીલ | શ્રીમતી ગાયત્રીબેન આર. જરીવાલા |
| રનર્સઅપ | શ્રીમતી હેમાલી કલ્પેશકુમાર બોઘાવાલા | શ્રી દિપલ જીતેન્દ્રભાઈ વ્યાસ |
| તૃતીય | શ્રી લોપા આર.દરબાર | શ્રી લોપા આર. દરબાર |
| ચતુર્થ | શ્રીમતી રેશ્માબેન આર.લાપસીવાલા | શ્રીમતી રૂપલ કમલભાઈ શાહ |

બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટના વિજેતાઓને ઉપસ્થિત સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓના વરદ હસ્તે ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ ખેલાડીઓને પ્રોત્સાહન રૂપે પાર્ટીસીપન્ટ સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, પત્રકારશ્રીઓ સહિત રમતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બન્ને ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કેરમ ટુર્નામેન્ટમાં શ્રી નિલેશભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી નરેન્દ્ર એ.ભાયા અને શ્રી ફારૂક અહમદ ગોલંદાઝએ રેફરી તરીકે તથા બેડમિન્ટન ટુર્નામેન્ટમાં શ્રી દક્ષાબેન પી.પટેલ, શ્રી ધનસુખ સી. પટેલ, શ્રી રમેશ જે.નાયક, શ્રી કિશોરભાઈ સી.પટેલ તથા શ્રી હસમુખ કે. પરદેશીએ રેફરી તરીકે સેવા આપી હતી.

સમાચાર યાદી નં.,૧૩૩૬, તા.૨૨/૧૦/૨૦૧૬, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

BADMINTON




સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૨/૧૦/૧૬ના રોજ પંડિત દીન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, સુરત ખાતે યોજાયેલ "મહિલા બેડમિન્ટન અને કેરમ ટુર્નામેન્ટ–૨૦૧૬"ના વિજેતાઓ સાથે સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન છે.

૧૩૩૭

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૨૨/૧૦/૧૬** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં પ્રણામી મંદિરનો વિસ્તાર,કાદરશાનીનાળ,જમાલશા, ખલીફા મહોલ્લો, ગોપીતળાવ,મીઠાવાલા માર્કેટ જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં કૃષ્ણનગર, ગુરુકૃપા સોસાયટી, દિપાંજલી, જ્ઞાનદીપ, આંબેડકરનગર જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં ગાંધીનગર,આર્વિભાવ–૨,સિદ્ધાર્થનગર EWS,હીરાનગર,કેશવનગર,શ્રીનાથજી,બાપુનગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં છત્રપતિ શિવાજીનગર,માનદરવાજા,બાલાજી શેરી,લક્ષ્મીનારાયણનગર,મહાદેવનગર,આસ્તિકકૃપા,શામળાધામ જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં શ્રમજીવી,આંબેડકરનગર,ખોડિયાનગર,હળપતિવાસ,વાંસી ફળિયું,ગાંધી ફળિયું જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં નવી વસાહત,ભરવાડવસાહત,રેલરાહતકોલોની,જલારામનગર,H–૩ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં નર્મદ સોસાયટી, ગ્રીનપાર્ક સોસાયટી, સૌરાષ્ટ્રનગર,ખાન મહોલ્લો,પ્રિયંક રેસી.,ક્રિષ્ના ટાઉનશીપ,ગીરનાર મહોલ્લો, , આંગન રેસી. જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 49215 | 100148 | 375 | 10327 | 1133 | 2120 | 113 | 51900 | 77 | 35316 | 12770 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

૧૩૩૮

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

મુખ્યમંત્રી ગૃહયોજના (Gujarat Rural Urban Housing) અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા અઠવા ઝોન વિસ્તારમાં વેસુ,કતારગામ ઝોન અને રાંદેર ઝોન ખાતે સાકારિત કુલ ૨૯૩૭ L.I.G.આવાસોની લોકાર્પણવિધિ તથા ૧૧૫ E.W.S,૧૦૩૦ L.I.G, આવાસોની ફાળવણીના કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો અને તમામ શહેરી વિસ્તારમાં અંદાજીત રૂા.૪૯૯.૦૦ કરોડના ખર્ચે લોકાર્પણ/ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ શ્રી વિજયભાઈ રૂપાણી માનનીય મુખ્યમંત્રી,ગુજરાત રાજયના વરદ્હસ્તે તથા માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ સ્થાને તેમજ શ્રી નાનુભાઈ વાનાણી માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, જળસંપતિ, (સ્વતંત્ર હવાલો),પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ,ગુજરાત રાજય, શ્રી પુર્ણેશભાઈ મોદી માન.સંસદ સચિવ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત રાજય, શ્રી અજયકુમાર ચોકસી માન. દંડકશ્રી, ગુજરાત સરકાર, શ્રીમતી દર્શનાબેન જરદોષ માન.સાંસદશ્રી ,શ્રી સી.આર.પાટીલ માન.સાંસદશ્રી, શ્રી પરભુભાઈ વસાવા માન.સાંસદશ્રી, શ્રી વિવેકભાઈ પટેલ, માન. અધ્યક્ષશ્રી ગુજરાત હાઉસીંગ બોર્ડના મુખ્ય મહેમાન પદે.તથા માન.ધારાસભ્યશ્રી, નરોત્તમભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, માન.ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, માન.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, માન.ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન.ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાળા), માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ,માન.નેતાશ્રી શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા,માન.અધ્યક્ષ,લાઈટ અને ફાયર (એક્ષ્ટી.) સમિતિ શ્રી પિયુષકુમાર જરીવાલા (શિવશકિતવાલા),માન.અધ્યક્ષ,જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ,માન.અધ્યક્ષ,પાણી સમિતિ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી,માન.અધ્યક્ષા, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ શ્રીમતી રમીલાબેન પટેલ,માન.અધ્યક્ષા સમાજ કલ્યાણ,આંનદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલબેન શાહ,માન.અધ્યક્ષ આરોગ્ય સમિતિ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા,માન.અધ્યક્ષ,જાહેર પરિવહન પ્રવૃતિ સમિતિ શ્રી અનિલભાઈ ગોપલાણી, માન.અધ્યક્ષા,ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ શ્રીમતી રંજનબેન સરતાનપરાના અતિથિવિશેષ પદ્ તા.૨૩/૧૦/૨૦૧૬,રવિવારના રોજ કન્વેન્શન હોલ,બી.આર.ટી.એસ.રોડ,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,ઉધના–મગદલ્લા રોડ, સુરત ખાતે રાખવામાં આવેલ છે.

અઠવા ઝોન ખાતે ટી.પી. ૭ (વેસુ–મગદલ્લા) ફા.પ્લોટ નં. ૧૩૧ ખાતે લોકાર્પણ થનાર મુખ્યમંત્રી ગૃહ યોજના (MMGY), LIG-1, "સુમન સાગર" પ્રોજેકટ કુલ આવાસો ૧૩૪૪ માં પ્રતિ આવાસ ખર્ચ રૂા.૮,૫૦,૦૦૦.૦૦ છે.દરેક ફલેટ ક્ષેત્રફળ (કાર્પેટ એરીયા) ૩૪.૧૬ ચો.મી. છે.અને આ આવાસો આધુનિક સુવિધાઓથી સુસજજ છે.ફાયર સેફટી માટે ફાયર અંદર ગ્રાઉન્ડ ટાંકી, પંપ રૂમ તથા ફાયર નેટવર્ક સહિતની ફાયર સેફટીની સુવિધાઓ પુરી પાડવામાં આવેલ છે.

૧૨.૬ મેગાવોટ વિન્ડ પાવર પ્લાન્ટ

સુરત મહાનગરપાલિકા બિનપરંપરાગત તથા રીન્યુએબલ સ્ત્રોત વિન્ડ પાવર અને સોલાર પાવરના ઉપયોગ માટે સતત પ્રયત્નશીલ છ આજદિન સુધી કુલ ૨.૬૭ કરોડ યુનિટ વીજળી પેદા થયેલ છે અને મહાનગરપાલિકાને રૂા. ૧૪.૬૫ કરોડ જેટલો ફાયદો થયેલ છે.

ઉપરોકત તમામ વિન્ડ પાવર પ્લાન્ટસની સ્થાપના સફળતાને આગળ ધપાવતાં હાલમાં રૂા.૯૦.૦૦ કરોડના ખર્ચે કચ્છ જિલ્લાના નખત્રાણા ખાતે ૧૨.૬ મેવો ક્ષમતાના વિન્ડ પાવર પ્લાન્ટની સ્થાપના કરવામાં આવેલ છે. સદર પાવર પ્લાન્ટ થકી વાર્ષિક ૩.૨૬ કરોડ યુનિટ જેટલું વીજ ઉત્પાદન થશે ૧૨.૬ મેગાવોટ ક્ષમતાથી ઉત્પન્ન થનાર વીજળીનો કુલ ૫૩ વિવિધ હાઈ ટેન્શન પાવર વપરાશ કરતાં પાણી ખાતા, ડ્રેનેજ ખાતા તથા સ્મીમેર હોસ્પિટલના વીજ કનેકશનો ખાતે કરવામાં આવનાર છે.

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં મુંબઈ–સુરત મેઈન રેલ્વે લાઈન પર ભેસ્તાન રેલ્વે સ્ટેશન પાસે આવેલ લેવલ ક્રોસીંગ નં.૧૪૩ પર બંને બાજુના વિસ્તારના ઝડપી વિકાસને કારણે વાહનવ્યવહારની અવર–જવરના કારણે ઉદ્ભવતી ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે હયાત લેવલ ક્રોસીંગ નં.૧૪૩ની જગ્યાએ રોડ / રેલ્વે ઓવર બ્રીજ (આર.ઓ.બી.) બનાવવામાં આવેલ છે.સદર આર.ઓ.બી.નાં લોકાર્પણ થવાથી આ વિસ્તારની ટ્રાફીકની સમસ્યા હળવી થશે. આશરે ૦૨ લાખ નાગરિકોને તેનો લાભ થશે જેના કારણે મુસાફરી અને સમયમાં તથા ઈંધણ વપરાશમાં ઘટાડો થશે પ્રદૂષણની માત્રામાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.સદર લોકાર્પણ થનાર ત્રણ લેનનાં બ્રીજના બાંધકામમાં અંદાજે રૂા. ૩૪.૭૫ કરોડ નો ખર્ચ થયેલ છે.

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૫૪, ફા.પ્લોટ નં.આર.૧ ખાતે ૧૫.૦૦ લાખ લીટર ક્ષમતાની ૨૪ મીટર સ્ટેજીંગ હાઈટની આર.સી.સી. ઓવરહેડ ટાંકીઓ(ESR-SE-12) આ ટાંકીની ક્ષમતા – ૧૫ લાખ લીટર છે.ટાંકી ધ્વારા ૧૧૬.૨૭ હેકટર વિસ્તારને લાભ થશે.

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૫૪, ફા.પ્લોટ નં.આર.૧ ખાતે ૧૮.૦૦ લાખ લીટર ક્ષમતાની ૨૪ મીટર સ્ટેજીંગ હાઈટની આર.સી.સી. ઓવરહેડ ટાંકીઓ(ESR-SE-13) આ ટાંકીની ક્ષમતા – ૧૮ લાખ લીટર છે.આ ટાંકીની કુલ ઉંચાઈ–૩૬.૯૦ મીટર છે. .આ ટાંકી ધ્વારા ૧૫૫.૨૭ હેકટર વિસ્તારને લાભ થશે.

સ્લમ વિભાગ ધ્વારા લોકાર્પણ થનાર મુખ્યમંત્રી ગૃહ યોજના (MMGY) ''સુમન સાર્થક'', ''સુમન નિકેતન'',''સુમન સહયોગ'',''સુમન પાર્ક'',''સુમન છાયા'',''સુમન શૈલ'' પ્રોજેકટના કુલ આવાસો ૧૫૯૩ જેટલા છે.પ્રતિ આવાસ ખર્ચ રૂા.૮,૫૦,૦૦૦.૦૦ જેટલો છે.

સાઉથઝોન(ઉધના) માં ટી.પી. સ્કીમ નં.૬૩(વડોદ), રે.સ.નં.૯/૧ ખાતે કોમ્યુનિટી હોલ રૂા ૧૮૨.૪૩ ના ખર્ચે તૈયાર થયેલ છે.આ કોમ્યુનિટી હોલના પ્લોટનું ક્ષેત્રફળ (ચો.મી.) છે.આ કોમ્યુનિટી હોલમાં હોલ,સ્ટેજ,ચેઈજીંગ રૂમ, કીચન,સ્ટોર રૂમ, વ્યુઈંગ ગેલેરીવાળા કોમ્યુનિટીહોલની આજુબાજુની વસ્તીને સામાજિક /અન્ય પ્રસંગે સુવિધાઓ મળી શકશે.

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર), ફા.પ્લોટ નં.૫૧ (ડીસ્ટ્રીક સેન્ટર) ખાતે કોમ્યુનીટીહોલ અને પાર્ટી પ્લોટનું બાંધકામનું ક્ષેત્રફળ ૫૩૫૩૮.૧૦ ચો. ફુટ ( ૪૯૭૫.૬૬ ચો.મી.) આ કોમ્યુનીટી હોલમાં કીચન,સ્ટેજ,એન્ટ્રસ લોબી, ઓફિસ, સ્ટોર, કોન્ફરન્સહોલ જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવેલ છે.

રાંદેર ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૨(અડાજણ), ફા.પ્લોટ નં.૧૨૮(ગંગેશ્વર મહાદેવ મંદિરની પાછળ) ખાતે વાંચનાલાયના પ્લોટનું ક્ષેત્રફળ ૩૧૧૯.૦૦ ચો.મી.છે.આ વાંચનાલયમાં સીનીયર સીટીઝન વાંચનાલય,લેડીઝ વાંચનાલય, જેન્ટસ વાંચનાલય, જનરલ વાંચનાલય જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવેલ છે.

રાંદેર ઝોન વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૨૯(રાંદેર), ફા.પ્લોટ નં.૧૧૪(ગુજરાત હાઉસીંગ બોર્ડની સામે,રામનગર) ખાતે વાંચનાલાયના પ્લોટનું ક્ષેત્રફળ **૧૦૮૦.૦૦ ચો.મી.**છે. આ વાંચનાલયમાં લેડીઝ વાંચનાલય, જેન્ટસ વાંચનાલય જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવેલ છે.

રાંદેર ઝોન વિસ્તારમાં પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં ટી.પી.૨૯ (રાંદેર)ને લાગુ કેનાલ રોડ પર (મશાલ સર્કલથી સતનામ સાક્ષી સર્કલ સુધી) લીનીયર પાર્ક કમ વોક–વેનું ક્ષેત્રફળ આશરે ૯૫૪૭.૦૦ ચો.મી.છે.આ વોક–વેમાં સ્ટોન સ્કલ્પચર–૫ નંગ,સેન્ડ સ્ટોન સીટીંગ બેન્ચીસ–૫૩ નંગ,સ્ટ્રીટ લાઈટ પોલ–૪૮ નંગની સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

રાંદેર ઝોન વિસ્તારમા ટી.પી. સ્કીમ નં.૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.૧૩૨ પૈકી (જયોતિન્દ્ર દવે ગાર્ડનની બાજુમા) ખાતે પાર્ટીપ્લોટનું ક્ષેત્રફળ ૧૫૮૭૭.૦૦ ચો.મી.છે.આ પાર્ટી પ્લોટમાં રસોડું(કીચન),પાર્કીંગ એરીયા, અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી, ઓવર હેડ પાણીની ટાંકી, વોશ એરીયા જેવી સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

રાંદેર ઝોન વિસ્તારમા ટી.પી.સ્કીમ નં.૧૪(પાલ), ફા.પ્લોટ નં.૧૬૯ (સ્પોર્ટસ ગ્રાઉન્ડની ગલીમાં) એલ.પી.સવાણી રોડ ખાતે શાંતિકુંજના પ્લોટનું ક્ષેત્રફળ૯૧૫.૦૦ ચો.મી.છે.રાંદેર ઝોન વિસ્તારમાં ગામતળ, ટી.પી.નં.૧૦, કુંભાર ફળીયા ખાતે (કવિ નર્મદ બાગ પાસે) શાંતિકુંજ ના પ્લોટનું ક્ષેત્રફળ ૫૬૬.૦૦ ચો.મી.છે.રાંદેર ઝોન વિસ્તારમા ટી.પી.સ્કીમ નં.૨૩ (રાંદેર–અડાજણ), ફા.પ્લોટ નં.૦૯ (જીલાની બ્રીજ નજીક, શિવાનંદ બાગની પાછળ) ખાતે શાંતિકુંજ ના પ્લોટનું ક્ષેત્રફળ ૮૩૨.૦૦ ચો.મી.છે.રાંદેર ઝોન વિસ્તારમા ટી.પી.સ્કીમ

નં.૩૦(રાંદેર), ફા.પ્લોટ નં.૧૭ (સ્વામીનારાયણ સ્કુલ નજીક) ખાતે શાંતિકુંજ ના પ્લોટનું ક્ષેત્રફળ ૬૩૦.૦૦ ચો.મી.છે.રાંદેર ઝોન વિસ્તારમા ટી.પી.સ્કીમ નં.૩૦(રાંદેર), ફા.પ્લોટ નં.૧૬ (સ્વામીનારાયણ સ્કુલ નજીક) ખાતે શાંતિકુંજ ના પ્લોટનું ક્ષેત્રફળ ૩૯૨.૦૦ ચો.મી.છે રાંદેર ઝોન વિસ્તારમા ટી.પી.સ્કીમ નં.૩૧(અડાજણ), ફા.પ્લોટ નં.૧૮૨–૧૮૩ (ખોડીયાર માતાજીના મંદિરની બાજુમાં, એલ.પી.સવાણી રોડ) ખાતે શાંતિકુંજ ના પ્લોટનું ક્ષેત્રફળ ૮૭૦.૦૦ ચો.મી.છે.આ શાંતિકુંજ રૂા.૧૩.૧૬લાખના ખર્ચે તૈયાર થયેલ છે.આ શાંતિકુંજ વોક–વે,ગજેબો ,લોન એરીયા,ઓવર હેડ ટાંકી જેવી સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

રાંદેર ઝોન વિસ્તારમા ટી.પી.સ્કીમ નં.૩૧(અડાજણ), ફા.પ્લોટ નં.૧૮૧ (શેલ પેટ્રોલ પંપની પાછળ, એલ.પી.સવાણી રોડ) ખાતે ચિલ્ડ્રન પ્લે પાર્ક ના પ્લોટનું ક્ષેત્રફળ ૮૭૦.૦૦ ચો.મી.છે આ ચિલ્ડ્રન પ્લે પાર્ક વોક–વે, ગજેબો ,લોન એરીયા,ઓવર હેડ ટાંકી જેવી સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

નવી ટેકનોલોજીના ઉપયોગની સાથે, વિવિધ સિસ્ટમ્સ તથા વિભાગ/ખાતાઓ દ્વારા જનરેટ થયેલ ડેટાનો ઉપયોગ અસરકારક રીતે થાયઅનેઆ ડેટાનો એક્સેસ જાહેરમાં નાગરિકોને ઉપલબ્ધ થાય તે માટે પારંપરિક‘ગવર્નમેન્ટ’ ને ‘ઓપનગવર્નમેન્ટ’ માં પરિવર્તિત કરવાની પરિકલ્પના કરવામાં આવેલ છે.આ સંદર્ભે,ભારત સરકારશ્રી દ્વારા નેશનલ ડેટા શેરિંગ એન્ડ એક્સિસીબીલીટી પોલીસી–૨૦૧૨ તૈયાર કરવામાં આવેલ છે તથા સરકારશ્રીના વિવિધ વિભાગો/ખાતાઓ દ્વારા જનરેટ કરવામાં આવેલ ડેટા જરૂરીયાતમંદને હ્યુમન રીડેબલ તથા મશીન રીડેબલ સ્વરૂપમાં ઉપલબ્ધ કરવા માટે ભારત સરકારશ્રી દ્વારા ઓપન ડેટા પોર્ટલ- **data.gov.in** તૈયાર કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરને લગતું ઓપનડેટાપોર્ટલ–**surat.data.gov.in** લોન્ચ કરવામાં આવનાર છે.

- પ્રોપર્ટીટેક્ષ – ઝોન વાર, વોર્ડ વાર,કેટેગરી વાર મિલકતના ડેટા
- પ્રોફેશનટેક્ષ– ઝોન વાર EC અનેRC નોંધણીના ડેટા
- ગુમાસ્તાધારા અંતર્ગત નોંધણીના ડેટા
- સુરત શહેર સેન્સસના ડેટા
- વ્હીકલટેક્ષ અંતર્ગત નોંધાયેલ વાહનોના ડેટા
- ઓનલાઈનટ્રાન્ઝેક્શનના ડેટા
- જન્મ તથા મરણના ડેટા
- સાયન્સ સેન્ટરના વિઝીટર્સના ડેટા
- બીએસ.ટી.આર. રાયડરશીપ ડેટા

સાઉથ વેસ્ટ (અઠવા ) ઝોન વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૪(રૂંઢ – મગદલ્લા) ના ફા. પ્લોટ નં. ૬૮ ખાતે પાર્ટી પ્લોટમાં એરીયા ૪૪૨૨.૦૦ ચો. મી.છે.આ પાર્ટી પ્લોટમા કીચન,ઓફીસ, ચેન્જીગ રૂમ,સ્ટેજ, ગાર્ડન એરીયા પાર્કીગ જેવી સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં આભવા ગામ ખાતે આવેલ હયાત પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં નવી પ્રાથમિક શાળા અને આંગણવાડી નો કુલ પ્લોટ એરીયા ૩૧૨૯૯.૨૩ ચો.ફૂટ (૨૯૦૮.૮૫ ચો.મી) છે. જેમાં આચાર્ય ખંડ,સ્ટાફ રૂમ, આંગણવાડી ૨ નંગ, હોલ,લાયબ્રેરી,૪ નંગ વર્ગખંડ,સ્ટોર રૂમ, કમ્પ્યુટર લેબ,લેબોરેટરી, અંડર ગ્રાઉન્ડ આર.સી.સી. ૧૬,૦૦૦.૦૦ લીટર પાણીની ટાંકી જેવી સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરમાં બી.આર.ટી.એસ. ડેવલપમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત બી.આર.ટી.એસ. ફેઝ–૧ અંતર્ગત સુરત –નવસારી રોડને ઉધના દરવાજા થી સચીન GIDC નાકા આશિષ રેસ્ટોરન્ટ સુધી બી.આર.ટી.એસ. પર આવેલ ભેદવાડ ખાડી તેમજ ઉન ખાડી ઉપરના હયાત બ્રીજોને પણ બી.આર.ટી.એસ. રૂટની પહોળાઈ અનુસાર વાઈડનીંગ કરવાની જરૂર રહેતી હોય, સુરત મહાનગરપાલિકા તરફથી સદરહું બન્ને હયાત ખાડી બ્રીજોના વાઈડનીંગની કામગીરીનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. સદરહું બન્ને હયાત બ્રીજોની પહોળાઈ વધવાથી બી.આર.ટી.એસ. રૂટ ઉપર ટ્રાફિક વહનમાં સરળતા થશે તેમજ સર્વિસરોડની પહોળાઈ મુજબ પણ વાહનોને આવાગમનનો માર્ગ મળતા બોટલ નેકીંગના પ્રશ્નોનું નિરાકરણ થશે, તેમજ સુરત –નવસારી રોડ પર પ્રતિદિન અવરજવર કરતા આ વિસ્તાર તેમજ શહેર બહારથી પ્રવેશ કરતાં આશરે ૩.૦૦ લાખ જનતાને સદર કામગીરી થવાથી લાભ મળશે.

આ પ્રસંગે જાહેર જનતા ને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

૧૩૩૯

## પ્રેસ નોટ:

## માન. મુખ્યમંત્રી શ્રીવિજયભાઈરૂપાણીના વરદ હસ્તે સુરતઓપન ડેટા પોર્ટલનુંલોન્ચીંગ

ભારત સરકારનાસ્માર્ટ સીટી અને ડિજીટલ ઈન્ડિયા પ્રોજેક્ટની પરિકલ્પનાનેધ્યાને રાખી શહેરના નાગરીકોને વિવિધ સેવાઓ સરળતાથી પ્રદાન કરવા સુરત મહાનગરપાલિકા કટિબદ્ધ છે. વખતો વખત વિવિધ ક્ષેત્રોમાં એડવાન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આગેવાની લઈ સુરત મહાનગરપાલિકા નાગરિકોનેવિવિધ સેવાઓ પૂરી પાડતી આવી છે.

નવી ટેકનોલોજીના ઉપયોગની સાથે, વિવિધ સિસ્ટમ્સ તથા વિભાગ/ખાતાઓ દ્વારા જનરેટ થયેલ ડેટાનો ઉપયોગઅસરકારક રીતે થાયઅનેઆ ડેટા ડેટાનો એક્સેસ જાહેરમાં નાગરિકોને ઉપલબ્ધ થાય તે માટે પારંપરિક'ગવર્ન્મેન્ટ' ને'ઓપનગવર્ન્મેન્ટ' માંપરિવર્તિતકરવાનીપરિકલ્પનાકરવામાંઆવેલ છે.આ સંદર્ભે,ભારત સરકારશ્રી દ્વારાનેશનલડેટાશેરિંગએન્ડએક્સિસીબીલીટીપોલીસી–૨૦૧૨ તૈયારકરીને માર્ચ-૨૦૧૨માં પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વધતા જતા શહેરીકરણ તથા ભવિષ્યમાં તેની તીવ્રતામાં થનાર વધારાને લીધે ઉભા થનાર પડકાર માટે શહેરોને સક્ષમ બનાવવા તથા મોટી સંખ્યામાં રહેતા શહેરીજનોનું જીવન ધોરણ ઉચું લઈ જવા માટે બહુઆયામી સ્માર્ટ સીટી સ્કીમઓગસ્ટ ૨૦૧૫માંલોન્ચ કરવામાં આવેલ. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સીટી અંતર્ગત રજુ કરવામાં આવેલ સ્માર્ટ સીટી પ્લાનને સરકારશ્રી દ્વારા ઈવેલ્યુએટ કરીને પ્રથમ તબ્બકાના૨૦ શહેરોની ઘોષણા જાન્યુઆરી ૨૦૧૬માં કરવામાં આવેલ, જેમાં સુરત શહેરની ચોથા ક્રમે પ્રસંદગી કરવામાં આવેલ હતી. સદર યોજનાના સુચારુ અમલીકરણ માટે સુરત શહેર સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લીમીટેડ કંપનીનું ગઠન અપ્રિલ ૨૦૧૬માં કરવામાં આવેલ છે.

સુરત શહેરના વિવિધ સ્માર્ટ સીટી પ્રકલ્પ પૈકીનો એક પ્રકલ્પ – ઓપન ડેટા પોર્ટલ છે. જે અંતર્ગત પારદર્શી વહીવટ અને ઓપન ગવર્ન્મેન્ટનીદિશામાં આગળ વધવા માટે સુરત મહાનગરપાલિકા હસ્તકના વિવિધ ડેટાને પબ્લિક ડોમેઈનમાં ઉપલબ્ધ કરવા માટેનું આયોજન કરવામાં આવેલ.

જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા અને સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લીમીટેડ દ્વારા NIC, દિલ્હીનાસહયોગથી દ્વારા સુરતશહેરને લગતુંઓપન ડેટા પોર્ટલ –surat.data.gov.in તૈયાર કરવામાં આવેલ. જેનુંલોન્ચિંગ આજ રોજ (તા. ૨૩.૧૦.૨૦૧૬)ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરવામાંઆવેલ છે.

આ પોર્ટલ થકી સુરત મહાનગરપાલિકા દ્વારા જનરેટ થયેલ વિવિધ ડેટા કેનોએક્સેસ લોકોનેઉપલબ્ધ થશે. વિવિધ ક્ષેત્રના ડેટા સેટના ઉપયોગ નાગરિકો માહિતી, અભ્યાસ અનેરીસર્ચ માટે તથા ડેવલપર કોમ્યુનીટીને વિવિધ એપ, પ્રોગ્રામ અને વેબસાઈટબનાવવા માટે ઉપયોગમાં લઇ શકશે.

સદર પોર્ટલ અંતર્ગત હાલમાં નીચે મુજબના ડેટા ઉપલબ્ધ કરાવવામાં આવેલછે.

- પ્રોપર્ટીટેક્ષ – ઝોન વાર, વોર્ડ વાર, કેટેગરી વાર મિલકતના ડેટા તથા રીકવરી ડેટા
- પ્રોફેશન ટેક્ષ – ઝોન વાર EC અનેRC નોંધણીના ડેટા
- ગુમાસ્તાધારા અંતર્ગત નોંધણીના ડેટા
- સુરત શહેર સેન્સસના ડેટા
- વ્હીકલ ટેક્ષ અંતર્ગત નોંધાયેલ વાહનોના ડેટા
- જન્મ તથા મરણના ડેટા
- સાયન્સ સેન્ટરના વિઝીટર્સના ડેટા


ઓપન ડેટાના ઉપયોગને પ્રોત્સાહન આપવાના હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા ડીજીટલ ઈનીશીએટીવ ફોર સુરત સિટીઝન્સ (DISC) સોસાયટીની રચના પણ કરવામાં આવેલ છે, જેમાં સુરત શહેરના ઇન્ફર્મેશન ટેકનોલોજીક્ષેત્રના તજજ્ઞો અનેઇન્ડસ્ટ્રીના રીપ્રેઝેન્ટેટિવનો સમાવેશ થાય છે.


ભવિષ્યમાં આ પોર્ટલ મારફત વધુને વધુ ડેટા ઉપલબ્ધ કરાવવા તથા તેમ કરીને 'ઓપન ગવર્મેન્ટ'ની ભાવના સાકાર કરવા માટે સુરત મહાનગરપાલિકા કટીબદ્ધ છે.સુરત મહાનગરપાલિકા દ્વારા લોન્ચ કરવામાં આવેલ ઓપન ડેટા પોર્ટલ એ આ દિશામાં વધુ એક કદમ છે.

સુરત મહાનગરપાલિકા સુરત શહેરના નાગરિકોની સુખાકારી ધ્યાને રાખી ઉચ્ચ કક્ષાની સેવાઓ અને સુવિધાઓ પૂરી પાડવા કટીબદ્ધ છે. આ સંદર્ભે સુરત મહાનગરપાલિકા દ્વારા વખતો વખત વિવિધ ઈનીશીએટીવ હાથ ધરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ કામગીરીની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સમયાંતરે નોંધ લેવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાની વિશિષ્ટ કામગીરીમાં મોટું યોગદાન સુરતના શહેરીજનોનું તથા ચુંટાયેલ અને વહીવટી પાંખનું રહેલ છે. શહેરીજનોના મળતા

સતત સહકાર અને સહયોગ હેઠળ ચુંટાયેલ અને વહીવટી પાંખ દ્વારા વિવિધ પ્રજાલક્ષી સુરત મહાનગરપાલિકા અગ્રેસર રહી છે.




surat.data.gov.in
Home Catalogs Events Announcements Suggestions Community Visualization Search
Catalogs / Birth Data for Surat
7 Resource(s) found
Resources
Catalog Info
Write to CDO
Title
Format
Apply
Reset
Birth Registration Data for Year 2013
CSV
File Size: 2.75 KB
Download: 0
Frequency: Annual
Granularity: Annual
Export in: XML JSON JSONP XLS ODS
Quality:
Accessibility:
Usability:
Note: Birth Registration data for Surat - 2013 Resource contains data of Birth registered with Surat Municipal Corporation for the calendar year 2013. Get gender wise, month wise and zone wise information on birth registration.
Released Under National Data Sharing and Accessibility Policy (NDSAP)
Birth Registration Data for Year 2014
File Size: 2.75 KB
Download: 0
Chief Data Officer
Name:
M Nagarajan IAS
Designation:
Deputy Municipal Commissioner
Ministry/State/Department:
Surat Municipal Corporation
Phone:
+91 261 2423750 56
+91 261 2422285 87
Email:
nagarajan [at] suratmunicipal [dot] gov [dot] in
Address:
Surat Municipal Corporation, Gordhandas Chokhawala Marg, Mughlisara, Surat - 395003
Suggest a Dataset

# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

મુખ્યમંત્રી ગૃહયોજના (Gujarat Rural Urban Housing) અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા સાકારિત કુલ ૨૯૩૭ L.I.G.આવાસોની લોકાર્પણવિધિ તથા ૧૧૫ E.W.S,૧૦૩૦ L.I.G, આવાસોની ફાળવણીના કોમ્પ્યુટરાઈઝડ્ ડ્રો રૂા.૪૯૯.૦૦ કરોડના ખર્ચે લોકાર્પણ/ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ શ્રી વિજયભાઈ રૂપાણી માનનીય મુખ્યમંત્રી,ગુજરાત રાજયના વરદ્હસ્તે તથા માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ પદે યોજવામાં આવેલ.

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ માન.નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સુરત જિલ્લાના પ્રભારી અને અન્ન,નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઈ રાદડીયા, મહેસુલ,શિક્ષણ (પ્રાથમિશ, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ અન્ય મહાનુભાવોનું હદયપુર્વક આવકાર આપી સ્વાગત કરેલ.

વધુમાં તેમણે તેમના ઉદ્બોધનમાં જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકા શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં અગ્રેસર છે.શહેરના વિકાસ માટે અલગ–અલગ યોજનાઓ જેવી કે પરિવહન,પાણી,રોડ રસ્તા તૈયાર કરવા વિગેરેનું આયોજન તેમજ એક લાખથી વધુ સ્ટ્રીટ લાઈટ નિભાવવાની કામગીરી કરી વિકાસ કરવામાં આવેલ છે.માન.પ્રધાનમંત્રી તરફથી દેશમાં સ્માર્ટ સીટી યોજના અંતર્ગત શહેરના વિવિધ ક્ષેત્રે થયેલા વિકાસ કામોને ધ્યાનમાં લઈને સદર યોજનાના પ્રથમ ચરણમાં જ સુરત શહેરનો સમાવેશ કરવામાં આવેલ જે ગૌરવ પુર્ણ બાબત છે સુરત મહાનગરપાલિકા તરફથી "સુરત ઓપન ડેટા પોર્ટલનું લોન્ચીંગ"કરવામાં આવનાર છે જેનાથી અન્ય ડેટાઓ સાથે સંકલન કરી વિવિધ ક્ષેત્રે લાભ મળી શકશે.૧૨.૬ મેગા ક્ષમતાના વિન્ડ પાવર પ્લાન્ટના લોકાર્પણથી સુરત મહાનગરપાલિકા પાવર ક્ષેત્રે સ્વાવલંબી બનશે.સૌલાર સીટીના લક્ષ્યાંક પુરો કરવામાં પણ સુરત મહાનગરપાલિકા આગળ વધી રહી છે.

સુરત શહેર માંથી પ્રસાર થતી નદી પર બ્રિજ તથા રેલ્વે ટ્રેક પર ઓવર બ્રિજના નિર્માણથી ટ્રાફિકની સમસ્યા હલ થશે અને લોકો અવર–જવર સહેલાઈ થી કરી શકશે.શહેરમાં આજરોજ નવા ૭ જેટલા શાંતિકુંજ અર્પણ કરવામાં આવશે જેનાથી વયસ્ક નાગરિકોને આરામ તથા શાંતિ મળશે તથા અન્ય નાગરિકોને પણ તેનો લાભ મળશે.સુરત શહેરમાં અભ્યાસ કરતા બાળકોને તેમના અભ્યાસમાં પ્રગતિ કરવા રીડીંગ રૂમો તૈયાર કરી વાંચનાલયની સુવિધા પુરી પાડવામાં આવશે

શહેરમાં પાણીની સમસ્યાના હલ કરવા માટે અને વધુ પ્રેશરથી પાણી પુરુ પાડવા ઓવરહેડ ટાંકીનું નિર્માણ કરવામાં આવેલ છે.

આ પ્રસંગે ઉપસ્થિત માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ માન.નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તેમજ માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને સાલ ઓઢાડી અને મોમેન્ટો તથા પુસ્તક આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે માન.નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે સુરત મહાનગરપાલિકા તરફથી સતત વિકાસ કામો હાથ ધરવામાં આવી રહયા છે.જેમા સરકાર પુરતો સાથ સહકાર આપી પ્રોત્સાહિત કરી રહી છે.સુરત શહેરમાં અનેક સુવિધાઓ ઉપલબ્ધ હોય પરપ્રાંત માંથી અત્રે આવેલ લોકો સુખ સુવિધાઓ મેળવી ખુશીની લાગણી અનુભવે છે.ગત વિધાનસભાની ચુંટણીમાં સરકારે આપેલ "ઘરનું ઘર" યોજના માટે વિવિધ કેટેગરીના આવાસોનું આયોજન કરી લોકોનું ઘરનું સ્વપ્ન પૂર્ણ કરવામાં આવે છે.સરકારની મદદથી આવાસો તૈયાર કરી લોકોને અસર કરતી પ્રજાલક્ષી,ગરીબ લક્ષી યોજનાઓ પુરી પાડવામાં આવે છે.

આ પ્રસંગે માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે રૂા.૯૦.૦૦ કરોડના ખર્ચે કચ્છ જિલ્લાના નખત્રાણા ખાતે સાકારિત ૧૨.૬ મેવો ક્ષમતાના વિન્ડ પાવર પ્લાન્ટની લોકાર્પણ,ઉધના ઝોન ખાતે રેલ્વે ઓવર બ્રિજ, વિવિધ ઓવર હેડ ટાંકીઓ તથા અઠવા ઝોન,કતારગામ ઝોન અને રાંદેર ઝોન ખાતે સાકારિત આવાસ યોજના,કોમ્યુનિટી હોલ,પાર્ટી પ્લોટ,રીડીંગ રૂમ,શાંતિકુંજ,ચિલ્ડ્રન પાર્ક,નવી પ્રાથમિક શાળા અને આંગણવાડી,સુરત–નવસારી બી.આર.ટી.એસ.કોરીડોર પર આવેલ ભેદવાડ ખાડી બ્રિજને તથા ઉન ખાડી બ્રિજને વાઈડનીંગ કરવાના કામનું ખાતમુહૂર્ત તકતીઓનું અનાવરણ કરવામાં આવેલ.વધુમાં તેમણે જણાવેલ કે ગરીબ લોકોના રહેઠાણ માટે તૈયાર કરવામાં આવેલ વિવિધ કેટેગરીના આવાસોના લોકાર્પણ/ ડ્રો પ્રસંગે રાજય સરકાર તરફથી સુરત મહાનગરપાલિકાને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.આવાસ મેળવનાર લાભાર્થીઓને તેમનું ઘરનું સ્વપ્ન પૂર્ણ થવાથી જે લાગણી અનુભવશે તે ઘણી મોટી વાત છેઅને તેઓશ્રીએ લાભાર્થીઓને દિવાળીની ભેટ ગણાવી હતી.

આજની સરકાર નિર્ણાયક અને સંવેદશીલ સરકાર છેસરકાર તરફથી વિધવા બહેનો માટે માસિક રૂા.૧૦૦૦/–નું પેન્શન આપવાનું શરૂ કરવામાં આવેલ છે.તેમજ ગરીબ કારીગરને તેમના સ્વજનની અત્યંષ્ઠિની વિધિના કામમાં સહાયરૂપ થવા તમામ પ્રકારની મદદ કરવા મામલતદારને પાવર આપવામાં આવેલ છે.જેથી તેઓની મુશ્કેલી દુર થાય ઝૂંપડાના સ્થળે આવાસો પુરા પાડવામાં આવે છે.જેથી લોકોનું સમાજિક સ્તર ઉચુ આવે છે.

સુરત મહાનગરપાલિકા તરફથી જરૂરિયાતમંદોને ધંધો રોજગાર નોકરી અંગે સરકારશ્રીની વિવિધ યોજનાના લાભો પુરા પાડી રહી છે અને ગરીબલક્ષી કાર્યક્રમો થઈ રહયા છે.

માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્હસ્તે "સુરત ઓપન ડેટા પોર્ટલનું લોન્ચીંગ"કરવામાં આવેલ છે.

આજના આ પ્રસંગે માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ માન.નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના તથા મંચસ્થ મહાનુભાવોના વરદ્હસ્તે લાભાર્થીઓને પુરસ્કાર અર્પણ કરવામાં આવેલ તથા કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરી આવાસોની ફાળવણી કરવામાં આવેલ.

આ પ્રસંગે સુરત જિલ્લાના પ્રભારી અને અન્ન,નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઈ રાદડીયા, મહેસુલ,શિક્ષણ (પ્રાથમિશ,માધ્યમિક,પ્રૌઢ),ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા,શ્રી નાનુભાઈ વાનાણી માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, જળસંપતિ, (સ્વતંત્ર હવાલો),પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ,ગુજરાત રાજય, શ્રી પુર્ણેશભાઈ મોદી માન.સંસદ સચિવ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત રાજય, શ્રી અજયકુમાર ચોકસી માન. દંડકશ્રી, ગુજરાત સરકાર, શ્રીમતી દર્શનાબેન જરદોષ,માન.ધારાસભ્ય શ્રી નરોત્તમભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા,માન.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, માન.ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાળા), માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નરસન, જિલ્લા કલેકટર શ્રી મહેન્દ્રભાઈ પટેલ,પોલીસ કમિશનર શ્રી સતિષ શર્મા, માન.નેતાશ્રી શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર ,માન.દંડક શાસક પક્ષ શ્રી મૂળજીભાઈ ઠકકર,વિવિધ સમિતિના ચેરમેનશ્રી, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


Mukhya Mantri GRUH Yojana
DRAW for SURAT MUNICIPAL CORPORATION


Mukhya Mantri GRUH
DRAW for SURAT MUNICIPAL CORPORATION


1st WINNER
પ્રથમ વિજેતા
SURAT SMART CITY
સુરત સ્માર્ટ સીટી







સુરત મહાનગરપાલિકા
લોકાર્પણ થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની
અનાવરણવિધિ પ્રસંગે




માન. નાયબ મુખ્યમંત્રી શ્રી
ભાવભર્યું


નાયબ મુખ્યમંત્રી શ્રી
સ્વાગત કરે છે.




સુરત મહાનગરપાલિકા



૧૩૪૧

# SURAT SMART CITY

## પ્રેસ નોટ

સુરત સ્માર્ટ સીટી અંતર્ગત સીટીઝન એન્ગેજમેન્ટના ભાગરૂપે શહેરના નાગરિકોને સ્માર્ટ સીટી અમલીકરણની પ્રક્રિયામાં લોકભાગીદારીથી સામેલ કરવાના હેતુથી "Make my Surat City Smart" અંગેની બે contests (1) Street & Junction-Visual Improvement Design Contest અને (2) Park- Visual Improvement Design contest અન્વયે ભારત સરકારની વેબસાઈટ www.mygov.in પર રાખવામાં આવેલ હતી.

જયુરી પેનલ ધ્વારા અપવામાં આવેલ ગુણના આધારે"Make my Surat City Smart" હેઠળ સ્પર્ધા નં.૧ સ્ટ્રીટ અને જંકશનમાં સરેરાશ મેળવેલ ગુણ મુજબ પ્રથમ ક્રમાંકે શ્રી અક્ષય જરીવાલા,દ્વિતીય ક્રમાંકે શ્રી શ્યાનીલ પટેલ તથા તૃતીય ક્રમાંકે શ્રી ચંદ્રેશને વિજેતા ઘોષિત કરવામાં આવેલ છે.તથા "Make my Surat City Smart" સ્પર્ધા નં.ર પાર્ક (ગાર્ડન) માં સરેરાશ મેળવેલ ગુણ ક્રમાંકે શ્રી રાજ ગોહિલ, દ્વિતીય ક્રમાંક શ્રી ગૌરાંગ રાશીવાલા તથા તૃતીય ક્રમાંકે શ્રી ઈન્દ્રવદનવાળાને વિજેતા ઘોષિત કરવામાં આવેલ છે.

માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્હસ્તે આજરોજ તા.ર૩/૧૦/ર૦૧૬ના રોજ બન્ને સ્પર્ધાના ઘોષિત ત્રણ વિજેતાઓને સ્પર્ધાના નિયમો મુજબ પ્રથમ વિજેતાને રૂા.પ૦,૦૦૦/–,દ્વિતીય વિજેતાને રૂા.૩૦,૦૦૦/– તથા તૃતીય વિજેતાને રૂા.ર૦,૦૦૦/– ઈનામ તરીકે સુરત મહાનગરપાલિકા તરફથી સ્માર્ટ સીટી યોજના અન્વયે આપી બિરદાવવામાં આવેલ.તેમજ આ વિજેતઓ ધ્વારા સબમિશન એન્ટ્રીમાં સુચવામાં આવેલ ઉપયોગી સુચનોને સદર વિસ્તારની સ્માર્ટ સીટી અન્વયેથી કરવાજોગ કામગીરીમાં સમાવેશ કરવામાં આવશે.સુરત સ્માર્ટ સીટી યોજના અન્વયે સુરત શહેરના નાગરિકો માટે બીજા તબકકામાં પણ અન્ય સ્પર્ધાનું આયોજન mygov.in વેબસાઈટ ઉપર આયોજન કરવામાં આવેલ છે.

સુરત સ્માર્ટ સીટી ડેવલોપમેન્ટ કંપનીનો લોગો ડિઝાઈન કરવાની કોન્ટેસ્ટ આજરોજ mygov.in વેબસાઈટ તેમજ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in તથા સુરત સ્માર્ટ સીટીની વેબસાઈટ www.suratsmartcity.com પર લોન્ચ કરવામાં આવેલ છે,જે કોન્ટેસ્ટની શોર્ટ url- http://goo.gl/AiHgyi છે.જેમાં વિજેતા થનાર માટે રૂા.૩૦,૦૦૦/– (ત્રીસ હજાર પુરા) ઈનામ રાખવામાં આવેલ છે.સ્પર્ધા માટે ભાગલેવા તથા વધુ માહિતી માટે ઉપર જણાવેલ વેબસાઈટ પરથી મળશે.



1st WINNER
પ્રથમ વિજેતા
SURAT SMART CITY
સુરત સ્માર્ટ સીટી